EDII

Divya Bhaskar

July 2, 2023
Page No.15



સપ્તાહનો ખાસ ઈન્ટરવ્યૂ

ડો. અમિત કુમાર દ્વિવેદી, એસોસિયેટ પ્રોફેસર અને ઈન-ચાર્જ, ડિપાર્ટમેન્ટ ઓફ પોલીસી એડવોકસી, નોલેજ એન્ડ રિસર્ચ, ઈડીઆઈઆઈ

# ઉદ્યોગોના વિકાસ માટે મહત્ત્વનું પાસું સ્કિલ ડેવલપમેન્ટ

**ઉદ્યોગસાહસિકતાના અભ્યાસમાં, તાલીમ, સ્કિલ ડેવલપમેન્ટ, એમએસએમઈ ગ્રોથ, સ્ટાર્ટઅપ્સ, ઈનોવેશન અને સંસ્થાકીય નિર્માણમાં ઈડીઆઈઆઈ 40 વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. ભારત સરકારના સ્કિલ ડેવલપમેન્ટ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા માન્યતા ધરાવતું સ્કિલિંગ ઈકોસિસ્ટમમાં સેન્ટર ઓફ એક્સલન્સ છે. ઉદ્યોગસાહસિકતા તાલીમ તથા માર્ગદર્શન અને હેન્ડહોલ્ડિંગ સપોર્ટ હાથ ધરે છે, જેથી નવી એન્ટરપ્રાઈઝની રચના અને આજીવિકાની તકોનું સર્જન સુનિશ્ચિત કરી શકાય તેમ ઈડીઆઈઆઈના અમિત કુમાર દ્વિવેદીએ જણાવ્યું હતું.**

**કૌશલ્ય વિકાસ અને તાલીમ કાર્યક્રમો ઉદ્યોગો અને રોજગાર માર્કેટની જરૂરિયાત અને માગને અનુરૂપ છે?**

ઈડીઆઈઆઈ જોબ સીકર્સની જગ્યાએ જોબ ક્રિએટર્સને પ્રોત્સાહન આપવામાં વિશ્વાસ કરે છે. ઈન્સ્ટિટ્યૂટે આર્થિક વૃદ્ધિ, રોજગારની તકોના સર્જન અને વ્યક્તિઓને તેમના ભાવિને આકાર આપવા સશક્ત કરવા ઉદ્યોગસાહસિકતા અને સ્વ-રોજગારની મહત્વતને ઓળખે છે. આથી, ઈડીઆઈઆઈ વ્યક્તિઓના કૌશલ્યોના નિર્માણ અને તેમાં સુધારો કરવા પ્રયાસ કરે છે, જેથી તેમને જોબ ક્રિએટર્સ બનવા સક્ષમ કરી શકાય તથા આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં અસરકારક યોગદાન આપી શકાય.

**સ્કિલ ડેવલપમેન્ટ માટે કઈ શૈક્ષણિક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે?**

સીએસઆર હેઠળ ઈડીઆઈઆઈ તાલીમ કાર્યક્રમ ચોક્કસ ડોમેનમાં ઉદ્યોગસાહસિક ક્ષમતાઓ અને કૌશલ્ય નિર્માણ ઉપર કેન્દ્રિત છે. વર્ગખંડમાં પ્રશિક્ષણ, સફળતા મેળવનારાઓ સાથે સંવાદ, સિમ્યુલેશન એક્સરસાઈઝ અને ફિલ્ડ વિઝિટ દ્વારા લાભાર્થીઓને તેમના સાહસો સ્થાપિત કરવા સંબંધિત તમામ માહિતી અપાય છે. તેઓ એકમો સ્થાપિત કરવા સંબંધિત તમામ પ્રક્રિયાઓનું પાલન કરે તેની ખાતરી કરવા માટે 12 મહિના સુધી સહયોગ કરાય છે.

**આવા કાર્યક્રમો અને પહેલ હેઠળ કેટલા લોકોને તાલીમ આપવામાં આવી છે?**

ઈન્સ્ટિટ્યૂટે અત્યાર સુધીમાં 23થી વધુ રાજ્યો અને 138 જિલ્લાઓમાં કામ કર્યું છે તથા વિવિધ પ્રોજેક્ટ્સ અને પહેલો દ્વારા 68,950 લોકોને પ્રભાવિત કર્યાં છે. વિવિધ પ્રોજેક્ટ્સ દ્વારા ઈડીઆઈઆઈએ વિવિધ ક્ષેત્રો અને પ્રદેશોને ટાર્ગેટ કર્યાં છે, જેથી મહિલાઓ, વંચિતો અને જરૂરિયાતમંદોની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરી શકાય. સીએસઆર પહેલ હેઠળ ઈડીઆઈઆઈએ કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ, હેન્ડીક્રાફ્ટ્સ અને હેન્ડલૂમ, નોન-ફાર્મ અને કૃષિ સંલગ્ન ઉદ્યોગસાહસિકતા, ગ્રામીણ સાહસિકતા, પ્રવાસન ક્ષેત્ર વગેરે સહિતના ક્ષેત્રોમાં કૌશલ્ય નિર્માણ અને નવી એન્ટરપ્રાઈઝની રચના ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ઉદાહરણરૂપે, ઈડીઆઈઆઈએ એચએસબીસી બેંક અને અર્ન્સ્ટ એન્ડ યંગ (ઈવાય) સાથેની ભાગીદારીમાં ભારતમાં વિવિધ હેન્ડલૂમ ક્લસ્ટર્સમાં વણતરો વચ્ચે ઉદ્યોગસાહસિકતાના કૌશલ્યોના નિર્માણ માટે હેન્ડમેડ ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે. આ પ્રોગ્રામના ભાગરૂપે અમે આશરે 5,000 વણકરોને તાલીમ આપીને તેમને નવા માર્કેટની એક્સેસ તથા ડિઝાઈન, નેટવર્કિંગ, ઈનોવેશન અને ક્રેડિટ મેનેજમેન્ટમાં ક્ષમતાઓ વિકસિત કરવામાં મદદ કરી છે.

**ઇડીઆઇઆઇના કાર્યક્રમોમાં ટેક્નોલોજીની ભૂમિકા શું છે?**

ઈડીઆઈઆઈએ હંમેશા ટેક્નોલોજી પર ભાર મૂક્યો છે. ઈન્સ્ટિટ્યૂટ વિવિધ ડોમેન્સ માટે વિશેષ પ્રકારે તૈયાર કરાયેલા આંત્રપ્રિન્યોરશીપ સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (ઈએસડીપી)નું આયોજન કરે છે, જેથી નવી એન્ટરપ્રાઈઝને મજબૂત ટેક્નિકલ આધારથી સક્ષમ કરી શકાય. ઈડીઆઈઆઈનો ડિજિટલ સાક્ષરતા ઉપર ભાર મૂકવાથી સહભાગીઓ તેમના ઉદ્યોગસાહસિકતાના પ્રયાસો અને ડિજિટલ યુગમાં સ્પર્ધાત્મક રહેવા ટેક્નોલોજીનો લાભ લેવા સક્ષમ બને છે.